જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૧૦/૨૦૧૪ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૯૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ અને ૦૧ સ્કુટર કબ્જે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૨૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૯૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૪૯૭/૧૪**

**કાગડાપીઠ :** સોનલબહેન ભીમસેન કુસ્વાહ (રહે.જીતનાથ મહાદેવનું ડહેલુ, સીટી મીલ કંમ્પાઉન્ડ, કાંકરીયા રોડ)એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૦/૧૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણ્યા ઇસમો પોતાની પુત્રી નેહાબહેન (ઉ.વ.૧૬) તથા તેની બહેનપણી જલ્ધી (ઉ.વ.૧૬)ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે અપહરણ કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**વટવા :** નિર્મલાબહેન કુલદિપભાઇ શર્મા (રહે.ધરતી કોલોની માતાજીની વાવા પાછળ, નારોલ ગામ, વટવા) એ તા.૪/૧૦/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૧૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી સતીષ રમેશભાઇ ઠાકોર પોતાની પુત્રી આયુષી (ઉ.વ.૧૭) ને ઘર નજીકથી લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઇરાદે અપહરણ કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.પરમાર ચલાવે છે.

**બકરાની ચોરી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૪૯૮/૧૪**

**ચાંદખેડા :** રાજેશભાઇ ધુળાભાઇ વાઘેશ્વરી (રહે.વાઘેશ્વરીવાસ, ચાંદખેડા ગામ) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧૦/૧૪ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાનો પુત્ર નેરૂવ્ય (ઉ.વ.૧૪) નાનો કુલ -૬ બકરા ઘરેથી લઇ ઘાસ ચરાવવા સારૂ શારદા પેટ્રોલપંપ પાછળ આવેલ બળીયાદેવનાં મંદિર પાસે ગયેલ હતો. દરમ્યાન એક સફેદ રંગની આઇ-૨૦ કાર નંબર.૮૮૮૫ (જેની આગળની સીરીઝની ખબર નથી) તેમાં ત્રણ અજાણ્યા પુરૂષ આવી રાજેશભાઇના દિકરા નેરૂવ્યને રૂપિયા ૧૦૦ આપી પાણીની બોટલ અને પેપ્સી લેવા મોકલેલ, દરમ્યાન ઘાસ ચરતાં છ બકરા( બે થી અઢી વર્ષના આશરાનાં) કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ની ચોરી કરી આઇ-૨૦ કારમાં નાંખી ત્રણેય પુરૂષ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ જવાનસિંહ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૯૯/૧૪</u>

**ઓઢવ :** આનંદસિંગ લાલબહાદુરસિંગ રાજપુત (રહે.વૃદાવન સોસાયટી, હરીઓમ સોસાયટીની બાજુમાં, ઓઢવ) એ કોઇ કારણસર તા.૩/૧૦/૧૪ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાત ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.